કે.ડી NEWS

તારીખ : 20/11/2026

સાવરકુંડલા શ્રી સ્વામિનારાયણ મંદિરના રજત જયંતી મહોત્સવ નિમિત્તે ભવ્ય શણગાર આરતી અને છપ્પનભોગ મહાઅન્નકૂટોત્સવ યોજાયો

સાવરકુંડલા સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિરના રજત જયંતી મહોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આજે મંદિરમાં ઠાકોરજીની ભવ્ય શણગાર આરતી તેમજ છપ્પનભોગ મહાઅન્નકૂટોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ઠાકોરજીને વિવિધ વાનગીઓનો છપ્પનભોગ અર્પણ કરવામાં આવ્યો હતો. સાથે જ ઠાકોરજીના દિવ્ય અને મનમોહક શણગારના દર્શન કરી હરિભક્તોએ ધન્યતા અનુભવી હતી. સમગ્ર મંદિર પરિસર ભક્તિમય માહોલથી ગુંજી ઊઠ્યું હતું.શ્રી સ્વામિનારાયણ મંદિરના રજત જયંતી મહોત્સવ નિમિત્તે યોજાઈ રહેલા વિવિધ ધાર્મિક અને ભક્તિમય કાર્યક્રમોને લઈને હરિભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.



તારીખ : 20/11/2026

નાગરિક સહકારી બેંકના ચેરમેન શ્રી ધર્મેન્દ્ર ચૌહાણ દ્વારા આયોજિત

હરિદ્વાર ધામના આંગણે રુક્ષ્મણી વિવાહની ભવ્ય ઉજવણી ભક્તિભાવથી તરબોળ બન્યું ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ



સાવરકુંડલા નાગરિક સહકારી બેંકના ચેરમેન શ્રી ધર્મેન્દ્રભાઈ હીરાભાઈ ચૌહાણ પરિવાર દ્વારા પવિત્ર તીર્થધામ હરિદ્વારના આંગણે આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં રુક્ષ્મણી વિવાહની ભવ્ય અને દિવ્ય ઉજવણી કરવામાં આવી હતી.સુપુત્ર સ્વ. દ્વીમિત્ર તથા સમસ્ત ચૌહાણ પરિવારના પિતૃઓના મોક્ષાર્થે આયોજિત આ પાવન જ્ઞાનયજ્ઞના વ્યાસ સ્થાને સાવરકુંડલાના સુપ્રસિદ્ધ કથાકાર શાસ્ત્રી શ્રી વિજય દાદા જાની (ગોલ્ડન દાદા) બિરાજમાન છે. તેમના મધુર, સરળ અને હૃદયસ્પર્શી વક્તવ્યથી શ્રોતાઓ ભક્તિરસમાં તરબોળ બની રહ્યા છે.રુક્ષ્મણી વિવાહ પ્રસંગે સમગ્ર કથા મંડપને ફૂલો, દીવડાઓ અને મંગલ તોરણોથી સુંદર રીતે શણગારવામાં આવ્યો






હતો. શ્રીકૃષ્ણ અને રુક્ષ્મણીજીની ઝાંખી નિહાળીને ભક્તો મંત્રમુગ્ધ બની ગયા હતા. વિવાહના મંગલ ગીતો, ભજન-કીર્તન અને જયઘોષથી આખું વાતાવરણ આનંદમય બની ગયું હતું.આ પ્રસંગે ચૌહાણ પરિવારના સભ્યોએ પરંપરાગત રીતે કન્યાદાન સહિતની વિધિઓ ભાવપૂર્વક કરી હતી. ઉપસ્થિત સૌ ભક્તોએ શ્રીઠાકોરજીના દર્શન કરી, પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.આ પ્રસંગે ઉપસ્થિત ચૌહાણ પરિવાર તથા સાવરકુંડલા થી પધારેલ નાગરિક બેંકના વોચ ચેરમેન શ્રી રૂપલબેન પરાગભાઈ ત્રિવેદી, નાગરિક બેંકના ડિરેક્ટર શ્રી ચેતનાબેન રવિન્દ્રભાઈ ધંધુકિયા, તથા એડવોકેટ નોટરી શ્રી કેશુભાઈ વાઘેલા, માલધારી સમાજ અને ભાજપ અગ્રણી શ્રી મયુરભાઈ રબારી, ભાજપ અગ્રણી શ્રી ધર્મેન્દ્રભાઈ જોશી, યુવા ભાજપ મહામંત્રી શ્રી ઋષભભાઈ ધંધુકિયા, ભાજપ અગ્રણી શ્રી હસુભાઈ ચાવડા, નગરપાલિકા પૂર્વ સદસ્ય શ્રી પ્રકાશભાઈ ગેડીયા ભાજપ અગ્રણી શ્રી ગીરીશભાઈ નાંદોલીયા તથા નગરપાલિકા સદસ્ય શ્રી કલ્પેશભાઈ રાઠોડ તથા ભાજપ અગ્રણી શ્રી કેતનભાઈ કેસુર સહિતના મહાનુભાવો ઉપસ્થિતિમાં રૂક્ષ્મણી વિવાહ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતુંઆ અવસરે ધર્મેન્દ્રભાઈ ચૌહાણે જણાવ્યું હતું કે, “પિતૃઓના આશીર્વાદ અને રાજેશ્વર મહાદેવ અને ગુરુકૃપાથી હરિદ્વાર જેવા પાવન ધામમાં ભાગવત કથાનું આયોજન થવું એ અમારા પરિવારનું સૌભાગ્ય છે. ભગવાન શ્રીકૃષ્ણ અને આ કુળદેવી ખોડીયારનીની કૃપા સૌ પર સદાય બની રહે એ જ પ્રાર્થના છે.”આ પાવન પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિકો, સગા-સંબંધીઓ અને શુભેચ્છકોએ ઉપસ્થિત રહી સંગીત મય શ્રેણીમાં કથાનું રસપાન કર્યું હતું



નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 20/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

જય સ્વામિનારાયણ

ભાવભર્યું જાહેર આમંત્રણ

રજત જયંતી મહોત્સવ

સાવરકુંડલા શ્રી સ્વામિનારાયણ મંદિરનાં

રજત જયંતી મહોત્સવ નિમિત્તે
શ્રીમદ્ ભાગવત સપ્તાહ

ધર્મ, ભક્તિ અને સંસ્કૃતિના મહાસંગમ સાથે મનોરંજન માટે ભવ્ય લોક મેળાનું આયોજન

વકતાશ્રી



પ.પુ.શા.સ્વા. નિર્લેપસ્વરૂપદાસજી
વેદાંતાચાર્ય, એમ.એ.
(વાત્સલ્ય ઈન્ટરનેશનલ સ્કુલ, બોરસદ)



સ.ગુ.શા.સ્વા. હરિપ્રકાશદાસજી
અથાણાવાળા - સાળંગપુર

સાવરકુંડલા
શ્રી સ્વામિનારાયણ મંદિરના
રજત જયંતી મહોત્સવ
નિમિત્તે આયોજિત
ભવ્ય શ્રીમદ્ ભાગવત
સપ્તાહના પવિત્ર આયોજન
કરવામાં આવ્યું છે.

:: કથા સમય ::
સવારે ૮:૩૦ થી ૧૧:૩૦,
બપોર પછી ૩:૩૦ થી
૬:૩૦ કલાકે

આજરોજ તા. ૨૦/૧૧/૨૦૨૬, શુક્રવારનાં કાર્યક્રમો

ઠાકોરજીની મંગળા આરતી	ઠાકોરજીનો પવિત્ર અભિષેક	ઠાકોરજીની શણગાર આરતી	છપ્પનભોગ મહાઅન્નકુટોત્સવ
સવારે ૫:૦૦ કલાકે	સવારે ૫:૩૦ થી ૬:૩૦	સવારે ૭:૩૦ કલાકે	સવારે ૧૧:૦૦ કલાકે

ભવ્ય શ્રી તુલસીવિવાહ
આજે રાત્રીના ૮:૩૦ કલાકે

આ પવિત્ર ધાર્મિક પ્રસંગે સાવરકુંડલા શહેર તથા આસપાસના તમામ સનાતની ધર્મપ્રેમી નગરજનો, ભક્તજનો, યુવાનો અને પરિવારજનોને ભાવભર્યું જાહેર આમંત્રણ છે.

આયોજક : શ્રી સ્વામિનારાયણ મંદિર, શિવાજીનગર, સાવરકુંડલા

KD NEWS
SAVARKUNDLA

તમારા વિસ્તારના સમાચાર
હવે KD News સુધી પહોંચાડો!

તમારા આસપાસ બનતી કોઈ **મહત્વપૂર્ણ ઘટના** હોય,
સામાજિક કે ધાર્મિક **કાર્યક્રમ** હોય, **સેવાકીય પ્રવૃત્તિ** હોય,
જાહેર સમસ્યા હોય કે કોઈ **વિશેષ સિદ્ધિ**ની વાત હોય...









ફોટો | વીડિયો | જરૂરી માહિતી

સાથે અમને મોકલો.

તમારો અવાજ બનશે KD News!

તમારા વિસ્તારની દરેક નાની-મોટી ખબર
લોકો સુધી પહોંચાડવા માટે આજે જ અમારો સંપર્ક કરો.

WhatsApp કરો
9499797973



KD News – તમારા વિસ્તારનો વિશ્વાસુ સમાચાર સાથી.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 20/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

અમારી ટીમમાં જોડાવાની સુવર્ણ તક !



સેલ્સગર્લ, સેલ્સમેન, એકાઉન્ટન્ટ તેમજ પરચુરણ કામ માટે

સ્ટાફની જરૂર છે.

✓ મહેનતુ ✓ પ્રામાણિક ✓ જવાબદાર
✓ કામ પ્રત્યે લાગણીશીલ ✓ સ્માર્ટ સેલ્સમેનશિપ

:: પગાર ધોરણ ::

8000 થી 25000

રસ ધરાવતા ઉમેદવારો સંપર્ક કરે.

રૂબરૂ મળવાનો સમય:-

બપોરે 3.30 થી 5.00

(બાયોડેટા સાથે લાવવો)



સોનિક જ્વેલર્સ લી.

હવેલી શેરી સાવરકુંડલા. મો. 63541 09408

તારીખ : 20/11/2026

અમરેલી-સાવરકુંડલા હાઈવે પર એસટી બસ અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત, ડ્રાઈવર સહિત ચારનાં મોત; ત્રણ ગંભીર ઈજાગ્રસ્ત



અમરેલી-સાવરકુંડલા સ્ટેટ હાઈવે પર તા. ૨૦ નવેમ્બર, ૨૦૨૬ના રોજ શેત્રુંજી નદીના પુલ નજીક સાવરકુંડલાથી અમરેલી તરફ આવી રહેલી એસટી બસ અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈક પર સવાર પરિવારના ત્રણ સભ્યોનાં ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યાં હતાં. જ્યારે અકસ્માત બાદ એસટી બસ ખાળિયામાં ઉતરી જતાં બસના ડ્રાઈવરનું પણ મોત નીપજ્યું હોવાનું પ્રાથમિક અહેવાલોમાં જાણવા મળ્યું છે.પ્રાથમિક વિગતો મુજબ, આ દુર્ઘટનામાં બાઈકસવાર ગોગાનભાઈ સોલંકી (ઉંમર ૩૭ વર્ષ), નીતિન ગોગાન સોલંકી (ઉંમર ૪ વર્ષ) અને ધૃતિ ગોગાન સોલંકી (ઉંમર ૬ માસ)નાં મોત થયાં છે. આ ઉપરાંત બસના ડ્રાઈવરનું પણ મોત થતાં કુલ ચાર વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે અન્ય ત્રણ વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી



આવ્યો હતો અને અમરેલી તાલુકા પોલીસ દ્વારા અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.આ ગમખ્વાર અકસ્માતને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. એક જ પરિવારના ત્રણ સભ્યો સહિત ચાર વ્યક્તિઓનાં મોતથી શોકની લાગણી પ્રસરી છે.અકસ્માત અંગેની ઉપરોક્ત વિગતો પ્રાથમિક અહેવાલોના આધારે રજૂ કરવામાં આવી છે. પોલીસની તપાસ પૂર્ણ થયા બાદ તેમજ ઈજાગ્રસ્તોની સારવાર અને તબીબી તપાસ બાદ મૃત્યુઆંક, ઈજાગ્રસ્તોની સ્થિતિ નો ખ્યાલ આવશે.

તારીખ : 20/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923
KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





"SUVARNA SAUBHAGYA UTSAV – SAMRUDDHI MAHOTSAV"®

SUVARNA SAUBHAGYA UTSAV







Organised by:
HEADWAY BUSINESS SOLUTIONS LLP
Solution@100%

www.headway.guru
908 124 1916





અરે... વાહ...

૯,૯૯૯ સુધી

કરોડોની કિંમતના ઈનામો!

હા, સાચું વાંચ્યું.

તે પણ માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી કે એક્સચેન્જ પર*

તો રાહ કોની જુવો છો, ઘરેણાં સાથે ચમકાવો નસીબ

ઓફરઃ ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૬ સુધી જ લાગુ.

*શરતો લાગુ

GJ શ્રી ગોકુલ જ્વેલર્સ

હવેલી શેરી, સાવરકુંડલા. 222195 95373 12695

તારીખ : 20/11/2026

ભેંસાણ ગામે પોલરા પરિવાર દ્વારા આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું આયોજન





અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના ભેંસાણ ગામે પોલરા પરિવાર દ્વારા પવિત્ર શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવન અવસરે ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ, શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન અને આધ્યાત્મિક ચિંતન થકી ઉપસ્થિત સૌ ભાવિકજનો ભક્તિભાવમાં તરબોળ બન્યા હતા.આ ધાર્મિક આયોજનના માધ્યમથી સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સદવિચારોનો સંચાર થાય તેમજ ધર્મ અને સંસ્કારનું સિંચન થાય તેવી મંગલ પ્રાર્થના કરવામાં આવી હતી.આ પ્રસંગે સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા સહિત રાજકીય, સામાજિક આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, ધાર્મિક આગેવાનો, સંતો-મહંતો તેમજ મોટી સંખ્યામાં માતાઓ-બહેનો અને ભાવિક ભક્તજનો ઉપસ્થિત રહી ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો લાભ લીધો હતો.




તારીખ : 20/11/2026



કે.ડી NEWS





કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

સાવરકુંડલામાં શુક્રવાર અને શનિવારે મળશે...

+ ડો. નિરજ રાજપુરા

BAMS.MD PK (આયુર્વેદ નિષ્ણાંત)

સરનામુ : સાર્વજનિક દવાખાનુ (કુંડલા વિભાગ)
શેઠશેરી, ગાંધીચોક,સાવરકુંડલા.
મો. 96873 83009

શુક્રવાર, શનિવાર, સમય : સવારે ૯:૩૦ થી ૧:૩૦
સાંજે ૪:૩૦ થી ૭:૩૦

* જુના હઠીલા રોગોની સારવાર
* શ્વાસ, દમ, અસ્થમા ફેફસાના રોગો
* પથરી, ગેસ, એસીડીટી, પેટના રોગો
* કોઈપણ વા, સાંધાના દુઃખાવા
* ધાધર, ખરજવું, ચામડી, વાળના રોગો
* સ્ત્રી રોગો નિઃસંતાનપણાની સારવાર

કાયમી સરનામુ : ઓજ આયુર્વેદ, C/o.
ઓરિયન્ટ હોસ્પિટલ, નાના મવા સર્કલ, રાજકોટ.

કે.કે NEWS

તારીખ : 20/11/2026

પાનસડા ગામે લેઉવા પટેલ સમાજ દ્વારા સ્નેહમિલન અને વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો



અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના પાનસડા ગામે શ્રી લેઉવા પટેલ સમાજ દ્વારા સ્નેહમિલન તથા વિદ્યાર્થી સન્માન સમારોહનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દામનગર-બાબરાના ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયા સહિત રાજ્યભરમાંથી પધારેલા આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, સમાજના વડીલો, યુવાનો અને બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.આ સ્નેહમિલન સમારોહમાં સમાજના સૌએ એકબીજા સાથે આત્મીયતાભર્યું મિલન કરી સામાજિક એકતા, ભાઈચારો અને સંગઠનની ભાવનાને વધુ મજબૂત બનાવી હતી. આ પ્રસંગે શૈક્ષણિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું અને તેમની પ્રતિભા, મહેનત તથા સિદ્ધિઓને બિરદાવી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.અંતે ઉલ્લેખનીય છે કે આવા આયોજનો સમાજમાં એકતા, સંસ્કાર અને શિક્ષણ પ્રત્યે જાગૃતિની ભાવનાને પ્રેરણા પૂરી પાડે છે.



ડે.ડી NEWS

તારીખ : 20/11/2026

રાજકોટ–પોરબંદર પેસેન્જર ટ્રેનનું 24 નવેમ્બરથી 28 ડિસેમ્બર સુધી ભક્તિનગર સ્ટેશનથી આંશિક સંચાલન થશે



પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ સ્ટેશનના થર્ડમાં ડાઉન મેઈન લાઈન પર બાકી રહેલા વિકાસકાર્યો પૂર્ણ કરવા માટે લાઈન નંબર 4 પર નિર્ધારિત બ્લોકને ધ્યાનમાં રાખીને ટ્રેન નંબર 59564/59563 રાજકોટ–પોરબંદર–રાજકોટ પેસેન્જર ટ્રેનના સંચાલનમાં કામચલાઉ ફેરફાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, મુસાફરોની સુવિધા અને રેલવે સંચાલનને સુચારુ જાળવી રાખવાના હેતુથી આ ટ્રેનનું આંશિક પ્રારંભ અને આંશિક સમાપન ભક્તિનગર સ્ટેશનથી કરવામાં આવશે.આ વ્યવસ્થા 24 નવેમ્બર 2026થી 28 ડિસેમ્બર 2026 સુધી કુલ 35 દિવસ માટે ટ્રેનના નિર્ધારિત સંચાલન દિવસોએ અમલમાં રહેશે. આ સમયગાળા દરમિયાન ટ્રેન રાજકોટ સ્ટેશનના બદલે ભક્તિનગર સ્ટેશનથી પોતાની મુસાફરી શરૂ કરશે અને ભક્તિનગર સ્ટેશન પર જ પોતાની મુસાફરી પૂર્ણ કરશે.મુસાફરોને વિનંતી છે કે તેઓ આ કામચલાઉ સંચાલન ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીનું આયોજન કરે.પશ્ચિમ રેલવે મુસાફરોને સુરક્ષિત અને સુગમ રેલ સેવાઓ પૂરી પાડવાની સાથે રેલવે માળખાના આધુનિકીકરણ, વિકાસકાર્યોના સમયસર અમલીકરણ અને વધુ સારા રેલવે સંચાલન માટે સતત પ્રયત્નશીલ છે.

અતુલ કુમાર ત્રિપાઠી

વરિષ્ઠ મંડલ વાણિજ્ય પ્રબંધકપશ્ચિમ રેલવે, ભાવનગર મંડલ

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 20/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

JTC HOLIDAYS
Beyond The Imagine

પ્રવાસની
પરફેકટ શરૂઆત
અમારી સાથે





- હનીમૂન ટુર
- ગ્રુપ ટુર
- કોર્પોરેટ ટુર
- ડોમેસ્ટિક ટુર
- ઈન્ટરનેશનલ ટુર
- એક્ઝિબિશન ટુર
- સ્ટુડન્ટ ટુર
- એડવેન્ચર ટુર
- સફારી ટુર
- ડેઝર્ટ ટુર
- ધાર્મિક ટુર

A To Z Tours નું
પ્લાનિંગ અને પેકેજીગ
બેસ્ટ પ્રાઈઝ તેમજ
બેસ્ટ સર્વિસ અમે આપીશું

બેસ્ટ પ્રાઈઝ
બેસ્ટ સર્વિસ

★ અમે આપીશું ★



પ્લાન છે
ફરવાનો ?

કવાર અમારો સંપર્ક કરો
યાદગાર ટુરની ગેરાંટી

મો 94264 58189

EXPLORE THE WORLD WITH JOY
KHUSHI TOURISM

khushi_tourism_

ડે.ડી NEWS

તારીખ : 20/11/2026

અંટાળીયા ગામે ૩. ૨૫ લાખના ખર્ચે નિર્મિત ગ્રામ સચિવાલયનું લોકાર્પણ કરાયું

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના અંટાળીયા ગામે ૩. ૨૫ લાખના ખર્ચે નવનિર્મિત ગ્રામ સચિવાલયનું સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે રાજકીય અને સામાજિક આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.આધુનિક સુવિધાઓથી સજ્જ ગ્રામ સચિવાલયના નિર્માણથી અંટાળીયા ગામના નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ, વહીવટી કામગીરી અને જરૂરી દસ્તાવેજી પ્રક્રિયાઓનો લાભ હવે પોતાના ગામમાં જ સરળતાથી મળી રહેશે. આ સુવિધાથી ગ્રામજનોનો સમય અને પરિશ્રમ બચશે તેમજ ગ્રામ્ય સ્તરે વહીવટી કામગીરી વધુ સુલભ બનશે.આમ, અંટાળીયા ગામે નવનિર્મિત ગ્રામ સચિવાલયની સુવિધા ઉપલબ્ધ થતાં ગ્રામ વિકાસની દિશામાં એક વધુ મહત્વપૂર્ણ સુવિધાનો ઉમેરો થયો છે.







નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 20/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

વ્યવસાય વારસામાં મળી શકે પરંતુ

બ્રાન્ડ તો બનાવવી જ પડે..

ડીઝીટલ પ્લેટફોર્મ પર

હરણફાળ ભરનાર

પ્રકાશ પ્રિન્ટર્સ

હંમેશા એક કદમ આગળ...



તમારો પોતાનો ધંધો ઓનલાઈન લોન્ચ કરો

અને બનાવો તમારા પોતાના

ધંધાની ડીઝીટલ પ્રોફાઈલ

દરેક ધંધાર્થીનું ડીઝીટલ હાઉસ

તમારા બિઝનેસને આપો

માત્ર

પ્રતિ વર્ષ **299** + GST

એક નવી ડિજિટલ ઓળખ !

* તમારા બિઝનેસની પોતાની Digital Business Profile
* તમારી પ્રોફાઈલની પોતાની Shareable Link
* Unlimited Categories & Products ઉમેરવાની સુવિધા
* તમારા બિઝનેસ માટે Video Gallery
* Customer Reviews દર્શાવવાની સુવિધા
* WhatsApp Direct Contact ની સુવિધા
* Google Map Location ઉમેરવાની સુવિધા
* તમારી માહિતી જાતે Edit & Update કરવાની સુવિધા
* તમારી Digital Profile માટે QR Code
* Digital Visiting Card બનાવવાની સુવિધા
* Mobile, Laptop અને Tablet દરેક ડિવાઈસમાં સરળતાથી જોઈ અને ઉપયોગ કરી શકાય

: વધુ માહિતી માટે સંપર્ક :

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા. મો. 94095 45745

પ્રકાશ પ્રિન્ટર્સ એપ્લિકેશનની 10000 થી વધુ મેમ્બરોની ઉપસ્થિતિ એ જ ઉપલબ્ધિ

ડીઝીટલ એપ્લિકેશનની ભવ્ય સફળતા બાદ

નવા પોર્ટલ માટે લોકાતુર ધંધાર્થીઓ, ગૃહ ઉદ્યોગ તેમજ સેલ્સમેનોની આતુરતાનો અંત....

તારીખ : 20/11/2026

ચલાલા હુડકો-૨ ખાતે શ્રી પંચરાજ મેલડી માતાજીના નવરંગ માંડવા નું આયોજન થયું



અમરેલી જિલ્લાના ચલાલા હુડકો-૨ ખાતે શ્રી પંચરાજ મેલડી માતાજીના પાવન સાનિધ્યમાં આયોજિત ભવ્ય નવરંગ માંડવાના ધાર્મિક પ્રસંગે ઉપસ્થિત રહી માતાજીનાં દર્શન કરી ભક્તજનો એ ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે માતાજીના ચરણે શીશ ઝુકાવી સૌના સુખ, શાંતિ, સમૃદ્ધિ અને કલ્યાણની પ્રાર્થના કરવામાં આવી હતી.આ પવિત્ર અવસરે ધારી-બગસરા-ખાંભાના ધારાસભ્ય શ્રી જે.વી. કાકડિયા, શ્રી દાનમહારાજની જગ્યાના લઘુ મહંત તથા જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રી મહાવીર બાપુ, શ્રી સૂર્યવીરભાઈ વાળા, નગરપાલિકાના કારોબારી ચેરમેન શ્રી ભરતભાઈ સોલંકી, નગરપાલિકાના સદસ્ય શ્રી શિવરાજભાઈ વાળા, શ્રી દિનમહમદ બ્લોચ, શ્રી ચતુરભાઈ સુરેલા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.નવરંગ માંડવાના આ ધાર્મિક મહોત્સવમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તો અને શ્રદ્ધાળુઓ જોડાયા હતા. સૌએ શ્રદ્ધાપૂર્વક શ્રી પંચરાજ મેલડી માતાજીનાં દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. સમગ્ર પ્રસંગ ભક્તિભાવ અને ધાર્મિક આસ્થાના માહોલમાં સંપન્ન થયો હતો.





કે.કે NEWS

તારીખ : 20/11/2026

‘ફ્લાઇંગ શીખ’ મિલ્ખા સિંહની આજે જન્મજયંતિ



ભારતના મહાન દોડવીર અને રમતગમત ક્ષેત્રે દેશનું નામ વિશ્વભરમાં ગૌરવભેર ઉજાગર કરનાર ‘ફ્લાઈંગ શીખ’ મિલ્ખા સિંહની જન્મજયંતિ નિમિત્તે તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવે છે.મિલ્ખા સિંહનો જન્મ ૨૦ નવેમ્બર, ૧૯૨૯ના રોજ થયો હતો. જીવનમાં અનેક સંઘર્ષો અને પડકારોનો સામનો કરીને તેમણે પોતાની અદમ્ય હિંમત, દૃઢ નિશ્ચય, સખત મહેનત અને શિસ્તના બળે ભારતીય એથ્લેટિક્સ ક્ષેત્રે ઐતિહાસિક સિદ્ધિઓ હાંસલ કરી હતી. તેમની દોડ અને રમત પ્રત્યેની સમર્પિત ભાવનાએ તેમને દેશના યુવાનો માટે પ્રેરણાના પ્રતિક બનાવ્યા હતા.તેમણે ૧૯૫૮ના કોમનવેલ્થ ગેમ્સમાં ૪૦૦ મીટર દોડમાં સુવર્ણચંદ્રક જીતીને ભારતને આંતરરાષ્ટ્રીય સ્તરે ગૌરવ અપાવ્યું હતું. એ જ વર્ષે એશિયન ગેમ્સમાં પણ ૨૦૦ મીટર અને ૪૦૦ મીટર દોડમાં સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરી પોતાની પ્રતિભાનો પરચો આપ્યો હતો. ૧૯૬૦ના રોમ ઓલિમ્પિકમાં ૪૦૦ મીટર દોડમાં ચોથા સ્થાને રહીને તેમણે વિશ્વસ્તરે ભારતની રમતગમત ક્ષમતાનું પ્રતિનિધિત્વ કર્યું હતું.મિલ્ખા સિંહનું જીવન સંઘર્ષમાંથી સફળતા સુધીની પ્રેરણાદાયી યાત્રા છે. તેમની સિદ્ધિઓ, રમત પ્રત્યેની નિષ્ઠા અને દેશપ્રેમ હંમેશા ભારતીય યુવા પેઢીને આગળ વધવા, સપનાઓ સાકાર કરવા અને મુશ્કેલીઓ સામે અડગ રહેવાની પ્રેરણા આપતા રહેશે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 20/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



એનિવર્સરી કેક

બેબીશાવર કેક

સગાઈ કેક

ફોન્ડન્ટ કેક

મેક અપ કીટ કેક

ફોટો કેક







અઢળક કેકની વેરાયટીઓ

New Collection

મેરેજ બોક્સ, ડ્રાયફ્રૂટ બોક્સ અને
રમકડાંની અવનવી વેરાયટી



અર્જન્ટ કેક
બનાવી આપવામાં આવશે.

બર્થ ડેકોરેશન,
બેબી શાવર ડેકોરેશન ની
તમામ આઈટમ મળશે..



તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં.

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશન સાયેનું એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ

નારોલા

લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા | મો. 88667 59838

તારીખ : 20/11/2026

કુંકાવાવના સનાળા મુકામે સૌની યોજના લીંક-૪, પેકેજ-૬ અંતર્ગત રૂ. ૨.૨૪ કરોડના ખર્ચે નિર્મિત ન્યુ સ્કાવર વાલ્વનું લોકાર્પણ કરતા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા

ન્યુ સ્કાવર વાલ્વ થકી સનાળા સહિત આસપાસના ગામડાઓના કુલ ૨૦૦ હેક્ટર વિસ્તારને પાણીનો પુરતાં પ્રમાણમાં લાભ મળશે -રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયા







અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાના સનાળા મુકામે કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે સૌની યોજના લીંક-૪, પેકેજ-૬ અંતર્ગત નિર્મિત 'ન્યુ સ્કાવર વાલ્વ'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. અંદાજિત રૂ. ૨.૨૪ કરોડના ખર્ચે 'સૌની યોજના'ની હયાત પાઈપલાઈનમાં નાની કુંકાવાવ અને સનાળા ગામે સ્કાવર વાલ્વનું આ મહત્વપૂર્ણ વિકાસકામ પૂર્ણ થતા સ્થાનિક ખેડૂતોનું વર્ષો જૂનું સપનું સાકાર થયું છે.આ ન્યુ સ્કાવર વાલ્વ કાર્યરત થવાથી સનાળા સહિત આસપાસના વિસ્તારોની કુલ ૨૦૦ હેક્ટર જમીનને સિંચાઈના પાણીનો સીધો લાભ મળશે. ખાસ કરીને 'સૌની યોજના'ના નીર થકી કુંકાવાવ તાલુકાના નાની કુંકાવાવ, મોટી કુંકાવાવ, સનાળા, જુના બાદનપુર અને નવા બાદનપુર ગામના તળાવો અને ચેકડેમો છલકાશે, જેના કારણે ખેડૂતોને ખેતી માટે પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ થશે.આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે, વર્ષો પહેલા એવી વાતો થતી હતી કે, નર્મદા નદીના પાણી સૌરાષ્ટ્રના છેવાડાના વિસ્તારો સુધી પહોંચાડવા એ માત્ર લોભામણી જાહેરાતો જ છે, પરંતુ આજે સૌની યોજના થકી એ વાતો હકીકત બની ચૂકી છે

સૌની યોજના હેઠળ સનાળા સહિતના વિસ્તારમાં તળાવ અને ચેકડેમ છલકાશે, ખેડૂતોની પાણીની સમસ્યા ભૂતકાળ બનશે

સનાળા મુકામે ન્યુ સ્કાવર વાલ્વના લોકાર્પણ પ્રસંગે સાંસદ શ્રી ભરતભાઈ સુતરીયાની પ્રેરક ઉપસ્થિતિ

અને નર્મદાના નીર છેક અમરેલીના સનાળા મુકામે પહોંચ્યા છે. આ સ્કાવર વાલ્વની કામગીરી પૂર્ણ થતા આ વિસ્તારના ખેડૂતોની પાણીની સમસ્યા કાયમી માટે ભૂતકાળ બનશે.રાજ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, અમરેલી જિલ્લામાં કરોડો રૂપિયાના વિકાસકામો સતત તેજ ગતિએ આગળ ધપી રહ્યા છે. ખેડૂતોના પ્રશ્નો હોય કે રોડ-રસ્તાની સુવિધા હોય, દરેક ક્ષેત્રે સરકાર દ્વારા નક્કર આયોજન સાથે વિકાસકાર્યો કરવામાં આવી રહ્યા છે. અમરેલી, કુંકાવાવ અને વડીયા વિસ્તારમાં સમાવિષ્ટ ગામડાઓમાં તાજેતરમાં જ તળાવો ઊંડા ઉતારવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેના પરિણામે વરસાદી પાણીનો સંગ્રહ વધ્યો છે અને ભૂગર્ભ જળસ્તર ઊંચા આવતા જળ સંરક્ષણના લાભો ખેડૂતો સુધી પહોંચ્યા છે.ન્યુ સ્કાવર વાલ્વના લોકાર્પણ કાર્યક્રમમાં ગ્રામજનોએ રાજ્યમંત્રીશ્રીનું ઉમળકાભેર સ્વાગત કરીને રાજ્ય સરકારનો સહર્ષ હાર્દિક ધન્યવાદ વ્યક્ત કર્યો હતો. ન્યુ સ્કાવર વાલ્વના લોકાર્પણ પ્રસંગે કુંકાવાવ તાલુકા પંચાયતના હોદ્દેદારશ્રીઓ, અગ્રણીશ્રી પી.વી.વસાણી, સ્થાનિક આગેવાનો, સ્થાનિક પદાધિકારીઓ, સનાળા સહિત ગામના સરપંચશ્રીઓ, સિંચાઈ વિભાગના અધિકારીઓ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો અને ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.











તારીખ : 20/11/2026

ભારતના ઉડ્ડયન અને એરપોર્ટ માળખાકીય ક્ષેત્રને નવી ઊંચાઈઓ આપવાના ઉદ્દેશ્ય સાથે ‘IndiAirport Expo 2026’નો શુભારંભ



ગાંધીનગર ખાતે હેલીપેડ ગ્રાઉન્ડ પર આયોજિત ‘IndiAirport Expo 2026’ની પાંચમી આવૃત્તિનો નાગરિક ઉડ્ડયન સચિવશ્રી ડૉ. કુલદીપ આર્યના હસ્તે ઉદ્યોગ ક્ષેત્રના અગ્રણીઓ, નીતિ નિર્માતાઓ, ટેકનિકલ નિષ્ણાતો, પ્રતિનિધિઓ તેમજ મુલાકાતીઓની ઉપસ્થિતિમાં ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો. બે દિવસીય આ પ્રદર્શનમાં સિવિલ એવિએશન, એરપોર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પ્રવાસન ક્ષેત્ર સાથે સંકળાયેલા દેશ-વિદેશના અનેક સ્ટેકહોલ્ડર્સ સહભાગી બન્યા છે.આ પ્રસંગે નાગરિક ઉડ્ડયન સચિવશ્રી ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, રાજ્યમાં પ્રાદેશિક એરપોર્ટ્સના વિસ્તરણની સાથે આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પ્રોજેક્ટ્સ પર પણ ઝડપથી કામગીરી ચાલી રહી છે, જ્યાં ટૂંક સમયમાં કાર્ગો સેવાઓ શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત, રાજ્યમાં બે નવા એરપોર્ટ વિકસાવવાનું આયોજન છે, જે હવાઈ જોડાણને વધુ મજબૂત બનાવશે.રાજ્યનો સિવિલ એવિએશન વિભાગ અને GUJSAIL નોડલ એજન્સી તરીકે તમામ સ્ટેકહોલ્ડર્સ સાથે સંકલન સાધીને કાર્યરત છે. આ કામગીરીના પરિણામે આગામી સમયમાં રાજ્યના તીર્થયાત્રા પ્રવાસન સહિત સમગ્ર એવિએશન ઈકોસિસ્ટમને નવો વેગ મળશે તેમ તેમણે ઉમેર્યું હતું.‘IndiAirport Expo 2026’ જેવા પ્રદર્શનો ઉડ્ડયન ક્ષેત્રમાં નવી ટેક્નોલોજી, આધુનિક માળખાકીય સુવિધાઓ, રોકાણની તકો અને વિવિધ ક્ષેત્રોના સહયોગને પ્રોત્સાહન આપશે તેમજ ભારતના નાગરિક ઉડ્ડયન ક્ષેત્રને નવી દિશા અને ગતિ પ્રદાન કરશે.



K.D NEWS

ના પ્લેટફોર્મ પર


જ્યાં રિલ્સ નહીં બ્રાન્ડ બને છે...


અને આપે છે

વ્યુઝની ગેરંટી અને સફળતાનો ભરોસો





















આજે જ સંપર્ક કરો

વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે

9724661561

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 20/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

ગુરૂદેવ કહે છે...


“

બૂઝાતી દીપકની જ્યોત.. અસ્તાચલે જઈ રહેલો સૂર્ય.. નાભિમાંથી ઊઠતો શ્વાસ.. દૃષ્ટિનો ઊઘાડ થયો હોય તો આ બધાય આપણને મોતનો અણસાર આપતા હોય એમ લાગે.. પણ ભૂલ્યો, આંખ જ નથી આપણી પાસે ત્યાં દૃષ્ટિના ઊઘાડની વાત શું કરવી ?

”



આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 20/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
Year2026


Gurutattva

3582
20/11/2026
Friday

आत्मा

अधीक पढ़ा लीखा लडका
माँ बाप से दुर हो जाता
है, और कम पढ़ा लीखा
लडका ही "अन्त मे साथ"
देता है।

बाबा स्वामी
20/11/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
Email : swamiji.office@gurutattva.org,
Telegram : t.me/ShreeShivkrupanandSwami Whatsapp : Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 20/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



ગલગલીયા

શિક્ષક: બેટા, દુનિયામાં સૌથી ઝડપથી શું ચાલે છે?
વિદ્યાર્થી: સર, રજા પડવાની અફવા!

મિત્ર: અત્યારે ઠંડી ચાલે કે ગરમી?
બીજો મિત્ર: મોંઘવારી

ડૉક્ટર: તમારે રોજ સવારે વહેલા ઊઠવું જોઈએ.
દર્દી: ડૉક્ટર સાહેબ, ઊઠું તો છું, પણ સવાર મને ગમતી નથી!
ડૉક્ટર: કેમ?
દર્દી: કારણ કે સવારમાં એલાર્મ મારી ઊંઘ સાથે દુશ્મની કરે છે!

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 20/11/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

20 નવેમ્બર

મહત્વની ઘટનાઓ

૧૯૭૭ – ઈજિપ્તના રાષ્ટ્રપતિ અનવર સદાત સત્તાવાર રીતે ઈઝરાયલની મુલાકાત લેનારા પ્રથમ આરબ નેતા બન્યા.

૧૯૮૫ – માઈક્રોસોફ્ટ વિન્ડોઝ ૧.૦, માઈક્રોસોફ્ટ દ્વારા વિકસિત પ્રથમ ગ્રાફિકલ પર્સનલ કમ્પ્યુટર ઓપરેટિંગ એન્વાયરમેન્ટ બહાર પાડવામાં આવ્યું.

૧૯૯૮ – તાલિબાનના નિયંત્રણ હેઠળની અફઘાનિસ્તાનની એક અદાલતે ૧૯૯૮માં કેન્યા અને ટાન્ઝાનિયામાં અમેરિકન દૂતાવાસમાં થયેલા બોમ્બ ધડાકાના સંદર્ભમાં આરોપી આતંકવાદી ઓસામા બિન લાદેનને "નિર્દોષ" (મેન વિથાઉટ સીન) જાહેર કર્યો.

જન્મ

૧૭૫૦ – ટીપુ સુલતાન, ભારતીય શાસક (અ. ૧૭૯૯)

૧૮૬૭ – મણિશંકર રત્નજી ભટ્ટ, કવિ કાન્ત વડે જાણીતા ગુજરાતી કવિ, નાટ્યલેખક અને નિબંધકાર (અ. ૧૯૨૩)

૧૮૮૦ – હરિપ્રસાદ દેસાઈ, ગુજરાતના અગ્રણી સ્વાતંત્ર્યસૈનિક અને અમદાવાદના સામાજિક કાર્યકર (અ. ૧૯૫૦)

૧૯૦૫ – મિનુ મસાણી, ભારતીય વકીલ અને રાજકારણી (અ. ૧૯૯૮)

૧૯૨૧ – એ. એન. જાની, ગુજરાતી અને સંસ્કૃત વિદ્વાન, ભારતીય ઈતિહાસકાર (અ. ૨૦૦૩)

૧૯૨૯ – મિલ્ખા સિંઘ, ભારતીય દોડવીર (અ. ૨૦૨૧)

૧૯૬૨ – રાજકુમાર હિરાણી, ભારતીય દિગ્દર્શક

૧૯૬૯ – વાયોલેટ આલ્વા, ભારતીય વકીલ, પત્રકાર અને રાજકારણી તથા રાજ્ય સભાના પ્રથમ મહિલા ઉપાધ્યક્ષ (જ. ૧૯૦૮)

૧૯૭૬ – તુષાર કપૂર, ભારતીય હિન્દી ફિલ્મ અભિનેતા અને નિર્માતા

૧૯૮૯ – બબીતા કુમારી, ભારતીય કુસ્તીબાજ

તારીખ : 20/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

વ્યાપારી માટે



હોલસેલ ભાવે

નાની-મોટી

ચીઠ્ઠી બુક


વિદ્યાર્થીઓ માટે

૨૬ ચોપડા

તેમજ

લખવા માટેની

કોરી પસ્તી



SINCE 1923 KD NEWS PAPER

દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

તારીખ : 20/11/2026

SINCE 1923 NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



ફ્રેશ પસ્તી



સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 20/11/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી NEWS

SINCE 1923
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

સાળંગપુરના આજના દર્શન



કે.ડી

NEWS

આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

કે.ડી ન્યૂઝ સાથે...



95K

60K

44K

100K

સંપર્ક : મો. 94997 97973